©

Postal Regd. No. GRJ-24
WPP License No. G-PMG-RJT/014/2012-14
Valid Up to Dt. 30-06-2014

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

**SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION**

***PUBLISHED BY AUTHORITY***

**VOL. LIII ] WEDNESDAY, 20th MARCH, 2013/PHALGUNA 29, 1934 [No. 26**

**Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation**

**PART-II** **EXTRAORDINARY**

## સુરત મહાનગરપાલિકા

**નગર રચના યોજના, સુરત નં. ૦૬ (મજુરા-ખટોદરા) (પ્રથમ ફેરફાર)નો મુસદ્દો પ્રસિધ્ધ કરવા બાબત.**

## અધિસુચન

નં. ટીપીડી/આ/૭૨૨૫/૨૦૧૩.-આથી જાહેર કરવામાં આવે છે કે, ઉપરોક્ત (મુસદ્દારૂપ યોજના) યોજનાનો મુસદ્દો ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એકટ-૧૯૭૬ની કલમ-૪૨(૧) અને અધિનિયમના નિયમો-૧૯૭૯નાં નિયમ-૧૮ અન્વયે તૈયાર કરી પ્રસિધ્ધ કરવામાં આવ્યો છે.

(૧) ટી. પી. સ્કીમ નં. ૬ (મજુરા-ખટોદરા)ના ફા. પ્લોટ નં. ૩૫૦, ક્ષેત્રફળ ૩૮૪૩.૦૦ ચો. મી. જે "ગાર્ડન" ના હેતુ માટે અનામત છે તેમાં ૪૫.૭૨ મી. ના ટી.પી. રસ્તાઓ પૈકીની જગ્યાઓનો સમાવેશ તથા ફા. પ્લોટ નં. ૩૫૦ની ઉત્તરે કેનાલવાળા ખુલ્લા ભાગ પૈકીનો કેટલોક ભાગ આમેજ કરવા જોગ છે. જે મુજબ નિયત થતા સુચિત ફા. પ્લોટ નં. ૩૫૦, ક્ષેત્રફળ ૧૮૬૮૨ ચો. મી. કોમર્શીયલ અને ટ્રાન્સપોર્ટેશનના હેતુ માટે નિયત કરવા જોગ છે તથા ઉક્ત ફાયનલ પ્લોટની દક્ષિણે ટી. પી. રોડની પહોળાઈ ૪૫.૭૨મી.ને બદલે ૧૫.૦૦ મી. થાય છે. વધુમાં ફાયનલ પ્લોટ નં. ૩૫૦માં પશ્ચિમ તરફના ભાગમાં કેનાલ રોડ તથા ઉધના-મગદલ્લા રોડને જોડતો ૧૫.૦૦ મી. પહોળાઈનો રસ્તો તથા ઉત્તરે કેનાલવાળી જગ્યા પર ૨૪.૦૦ મી. નો રસ્તો ટી. પી. સ્કીમમાં નિયત કરવા.

(૨) ટી. પી. સ્કીમ નં. ૬ (મજુરા-ખટોદરા) ફા. પ્લોટ નં. ૩૭૮, ક્ષેત્રફળ ૬૯૧૮.૦૦ ચો. મી. ને "ફાયર બ્રિગેડ સ્ટેશન" ના હેતુ માટે અનામત છે. જેમાં ફાયનલ પ્લોટની હદ રેખામાં ફેરફાર થઈ ટી.પી. સ્કીમમાં ૪૫.૭૨મી.ના રોડ પૈકીના ભાગનો સમાવેશ થઈ નિયત થતાં અંતિમખંડ મુજબ હદ રેખા તથા સુધારેલ ક્ષેત્રફળ ૫૩૬૦ ચો. મી. નો થાય છે તથા ઉક્ત પ્લોટનો હેતુ કોમર્શીયલ અને ટ્રાન્સપોર્ટેશનના હેતુ માટે નિયત કરવા તથા ઉક્ત પ્લોટની દક્ષિણે તથા પૂર્વે ૧૫.૦૦ મી. પહોળાઈનો રસ્તો ટી. પી. સ્કીમમાં નિયત કરવા.

(૩) ટી. પી. સ્કીમ નં. ૬ (મજુરા-ખટોદરા) ફા. પ્લોટ નં. ૩૬૮, ક્ષેત્રફળ ૩૭૯૨.૦૦ ચો. મી. ને "પાર્કિંગ" ના હેતુ માટે અનામત છે. જે પૈકીનો સમાવેશ રસ્તાના આયોજનમાં કરેલ હોવાથી તેનું ક્ષેત્રફળ ૨૯૫૪ ચો. મી. થાય જે મુજબ ટી. પી. સ્કીમમાં સુધારો કરવા અને ઉક્ત અનામત પ્લોટનો હેતુ ટ્રાન્સપોર્ટેશન પુઝ નિયત કરવા તથા ફા. પ્લોટ નં. ૩૬૮ ને ઉત્તરે લાગુ મંજુર વિકાસ યોજના ૨૦૦૪ની નિયત રસ્તારેખાની અસર યથાવત રાખવા.

(૪) ટી. પી. સ્કીમ નં. ૬ (મજુરા-ખટોદરા) ફા. પ્લોટ નં. ૩૫૧માં રસ્તાના ગોળાકારને કારણે ક્ષેત્રફળ ઘટીને ૧૧૮૮ ચો. મી. કરવા.

(૫) ટી. પી. સ્કીમ નં. ૬ (મજુરા-ખટોદરા) ફા. પ્લોટ નં. ૩૬૨ તથા ૩૬૩ને એપ્રોચ આપતા રસ્તાની પહોળાઈ ૪૫.૭૨ મી. ને બદલે ૧૫.૦૦ મી. કરવા તથા સદર પ્લોટોને ઉત્તર દિશા તરફે લાગુ મંજુર વિકાસ યોજના-૨૦૦૪ની નિયત રસ્તારેખાની અસર યથાવત રાખવા.

(૬) ફા. પ્લોટ નં. ૨૧૨ (ક્ષેત્રફળ : ૪૭૧ ચો. મી.) તથા ફા. પ્લોટ નં. ૨૧૫ (ક્ષેત્રફળ : ૮૦૨ ચો. મી.) જે પાર્કિંગના હેતુ માટે સુરત મહાનગરપાલિકા એલોટ થયેલ છે. તથા ફા. પ્લોટ નં. ૧૫૪ પૈકીની દક્ષિણ તરફની ૨૪૨ ચો. મી. જગ્યા જે ઓપન સ્પેસના હેતુ માટે સુરત મહાનગરપાલિકાને ફાળવેલ છે તેમાં વેરીએશન કરી "કોમર્શીયલ" માટે હેતુફેર કરવા તથા ફા. પ્લોટ નં. ૨૦૦ (ક્ષેત્રફળ : ૯૦૭ ચો. મી.) તથા ફા. પ્લોટ નં. ૨૦૩ (ક્ષેત્રફળ : ૫૧૩ ચો. મી.) જગ્યા જે લોકલ કોમર્શીયલ માટે સુરત મહાનગરપાલિકાને ફાળવેલ છે, તેમાં વેરીએશન કરી પાર્કિંગ માટે હેતુફેર કરવા નગર રચના યોજના, સુરત નં. ૬ (મજુરા-ખટોદરા) ને ધી ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એક્ટ-૧૯૭૬ની કલમ-૭૧ હેઠળ વેરીડ કરવા.

ઉપર જણાવેલ યોજનાના મુસદ્દાની એક નકલ જમીન માલિકો તેમજ હિતસંબંધ ધરાવનાર વ્યક્તિઓ તથા જાહેર જનતાને જોવા માટે ટાઉન પ્લાનરશ્રી, ટાઉન પ્લાનીંગ વિભાગ, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરતની કચેરીમાં રજાના દિવસો સિવાય ઓફિસ સમય દરમ્યાન ખુલ્લી રાખવામાં આવેલ છે.

સરકારી રાજ્યપત્રમાં ઉપરોક્ત અધિસુચનની પ્રસિધ્ધ થયાની તારીખથી એક મહીનાની અંદર આ યોજનાથી અસર પામતી કોઈપણ વ્યક્તિ આ યોજના સંબંધેના વાંધા/સુચનો બે નકલોમાં લેખિત રીતે કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકાને સુપ્રત કરશે તો કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકા આવા વાંધાઓ યોગ્ય જણાયે ધ્યાને લેશે.

સુરત, ૧૯ માહે માર્ચ, સને ૨૦૧૩.

(સહી) અવાચ્ય,
કમિશ્નર,
સુરત મહાનગરપાલિકા.

---

## સુરત મહાનગરપાલિકા

### મોજે : વરીયાવ-કોસાડ વિસ્તારની નગર રચના યોજના સુરત નં. ૮૩ (વરીયાવ-કોસાડ) તૈયાર કરવા બાબત.

### અધિસુચન

નં. ટીપીડી/૭૨૨૯/૧૩.-ગુજરાત સરકાર, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, ગાંધીનગરના તા. ૨૭-૧૨-૦૬ના હુકમ ક્રમાંક : યુડીએ-૧૧૨૦૦૬-૨૭૯૫-વથી સુરત શહેરી વિકાસ સત્તામંડળને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૧૨૨ હેઠળ વિકાસ નિયંત્રણોની, ડ્રાફટ ટી.પી. સ્કીમો બનાવવાની અને તેનો અમલ કરવાની તમામ સત્તાઓ સુરત મહાનગરપાલિકાને સુપ્રત કરવા આદેશ કરવામાં આવેલ છે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ (પ્રેસિડન્ટ એકટ નં. ૨૭)ની કલમ-૪૧ની જોગવાઈઓ મુજબ સુરત મહાનગરપાલિકાની નગર રચના  સમિતિનાં ઠરાવ નં. ૦૭/૨૦૧૩, તા. ૧૯–૦૩-૨૦૧૩થી ઠરાવ્યા મુજબ નકશા નં. ટીપીએસ/૮૩માંગુલાબી ઘેરા રંગની સળંગ રેખાથી બતાવેલ મોજે : વરીયાવ, કોસાડ વિસ્તાર માટે નગર રચના યોજના સુરત નં. ૮૩ (વરીયાવ-કોસાડ) તેયાર કરવાનો ઈરાદો જાહેર કર્યો છે. આ નકશાની એક નકલ જાહેર જનતાને જોવા માટે સુરત મહાનગરપાલિકામાં ટાઉન પ્લાનરશ્રીની કચેરી, ટાઉન પ્લાનીંગ વિભાગ, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરતમાં રજાના દિવસો સિવાયનાં દિવસેં ઓફિસ સમયમાં ખુલ્લી રાખવામાં આવેલ છે.

સુરત, ૧૯ માહે માર્ચ, સને ૨૦૧૩.

(સહી) અવાચ્ય,
કમિશ્નર,
સુરત મહાનગરપાલિકા.

### ઠરાવ

**સુરત મહાનગરપાલિકાની નગર નિયોજન સમિતિની તા. ૧૯-૦૩-૨૦૧૩નાં રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો :**

મ્યુ. કમિશનરશ્રીનાં તા. ૧૬-૦૩-૨૦૧૩નાં પત્ર નં. સીમીસ/૮/૩૬ થી વિદિત થઈ, સુરત મહાનગરપાલિકાની હદ સુચિત મુસદ્દારૂપ નગર રચના યોજના સુરત નં. ૮૩ (વરીયાવ-કોસાડ) તૈયાર કરવા અંગે દરખાસ્ત સાથે સામેલ નકશામાં ગુલાબી ઘેરા રંગથી સળંગ રેખાથી દર્શાવેલ વિસ્તારમાં નગર રચના યોજના, સુરત નં. ૮૩ (વરીયાવ-કોસાડ) બનાવવા ગુજરાત નગર રચના અને શહેરી

વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૪૧(૨) મુજબ ઈરાદો જાહેર કરવાનું, ઈરાદો જાહેર કરવા અંગે સામેલ અધિસુચન મંજુર કરવાનું તથા સદર અધિસુચનનો બહોળો ફેલાવો કરવા બે સ્થાનિક દૈનિકપત્રોમાં એક-એક વખત પ્રસિધ્ધ કરવાનું તથા ઈરાદો જાહેર કર્યા મુજબ તેને સરકારશ્રીનાં રાજયપત્રોમાં પ્રસિધ્ધ કરવા તેમજ મુસદ્દો તૈયાર કરી સરકારશ્રીમાં સાદર કરવાની તમામ કાર્યવાહી કરવા માટે મ્યુ. કમિશ્નરશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવે છે.

ઠરાવ નં. ૦૭/૨૦૧૩ સર્વાનુમતે મંજુર.

---

## સુરત મહાનગરપાલિકા

### મોજે : સરથાણા-પાસોદરા-લસકાણા વિસ્તારની નગર રચના યોજના સુરત નં. ૮૫ (સરથાણા-પાસોદરા લસકાણા) તૈયાર કરવા બાબત.

### અધિસુચન

નં. ટીપીડી/૭૨૩૦/૧૩.- ગુજરાત સરકાર, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, ગાંધીનગરના તા. ૨૭-૧૨-૦૬ના હુકમ ક્રમાંક : યુડીએ-૧૧૨૦૦૬-૨૭૯૫-વથી સુરત શહેરી વિકાસ સત્તામંડળને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૧૨૨ હેઠળ વિકાસ નિયંત્રણોની ડ્રાફટ ટી.પી. સ્કીમો બનાવવાની અને તેનો અમલ કરવાની તમામ સત્તાઓ સુરત મહાનગરપાલિકાને સુપ્રત કરવા આદેશ કરવામાં આવેલ છે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ (પ્રેસિડન્ટ એકટ નં. ૨૭)ની કલમ-૪૧ની જોગવાઈઓ મુજબ સુરત મહાનગરપાલિકાની નગર નિયોજન સમિતિનાં ઠરાવ નં. ૦૬/૨૦૧૩, તા. ૧૯--૦૩-૨૦૧૩થી ઠરાવ્યા મુજબ નકશા નં. ટીપીએસ/૮૫માં ગુલાબી ઘેરા રંગની સળંગ રેખાથી બતાવેલ મોજે : સરથાણા, પાસોદરાં, લસકાણા વિસ્તાર માટે નગર રચના યોજના સુરત નં. ૮૫ (સરથાણા, પાસોદરા, લસકાણા) તૈયાર કરવાનો ઈરાદો જાહેર કર્યો છે. આ નકશાની એક નકલ જાહેર જનતાને જોવા માટે સુરત મહાનગરપાલિકામાં ટાઉન પ્લાનરશ્રીની કચેરી, ટાઉન પ્લાનીંગ વિભાગ, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરતમાં રજાના દિવસો સિવાયનાં દિવસે ઓફિસ સમયમાં ખુલ્લી રાખવામાં આવેલ છે.

સુરત, ૧૯ માહે માર્ચ, સને ૨૦૧૩.

(સહી) અવાચ્ય,<br>
કમિશ્નર,<br>
સુરત મહાનગરપાલિકા.

### ઠરાવ

**સુરત મહાનગરપાલિકાની નગર નિયોજન સમિતિની તા. ૧૯-૦૩-૨૦૧૩નાં રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો :**

મ્યુ. કમિશ્નરશ્રીનાં તા. ૧૬-૦૩-૨૦૧૩નાં પત્ર નં. સીમીસ/૮/૩૫ થી વિદિત થઈ, સુરત મહાનગરપાલિકાની હદ સુચિત મુસદ્દારૂપ નગર રચના યોજના સુરત નં. ૮૫ (સરથાણા, પાસોદરા, લસકાણા) તૈયાર કરવા અંગે દરખાસ્ત સાથે સામેલ નકશામાં ગુલાબી ઘેરા રંગથી સળંગ રેખાથી દર્શાવેલ વિસ્તારમાં નગર રચના યોજના, સુરત નં. ૮૫ (સરથાણા, પાસોદરા, લસકાણા) બનાવવા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૪૧(૨) મુજબ ઈરાદો જાહેર કરવાનું, ઈરાદો જાહેર કરવા અંગે સામેલ અધિસુચન મંજુર કરવાનું તથા સદર અધિસુચનનો બહોળો ફેલાવો કરવા બે સ્થાનિક દૈનિકપત્રોમાં એક-એક વખત પ્રસિધ્ધ કરવાનું તથા ઈરાદો જાહેર કર્યા મુજબ તેને સરકારશ્રીનાં રાજયપત્રોમાં પ્રસિધ્ધ કરવા તેમજ મુસદ્દો તૈયાર કરી સરકારશ્રીમાં સાદર કરવાની તમામ કાર્યવાહી કરવા માટે મ્યુ. કમિશ્નરશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવે છે.

ઠરાવ નં. ૦૬/૨૦૧૩ સર્વાનુમતે મંજુર.

---

PRINTED AT THE GOVERNMENT PRESS, RAJKOT COMPLAINTS ABOUT GAZETTE MUST BE MADE WITHIN A FORTNIGHT FROM THE DATE OF THIS PUBLICATION ACCOMPANIED BY THE WRAPPER.